-:: જાહેર ચેતવણી ::-

આથી આ જાહેર ચેતવણીથી જાહેર જનતા તથા લાગતા વળગતા જોગ જણાવવાનું કે, બાજુમાં દર્શાવેલ ફોટાવાળા વ્યક્તિઃ- દિગ્વિજય છત્રસિંહ રાજ, ઉ.આ.વ.૩૦, રહે. સુરત, જે મારા અસીલ રાજ છત્રસિંહ હરિસિંહ, રહે.સુરત, નો દીકરો છે. જે છેલ્લાં ઘણાં સમયથી મારા અસીલના કહ્યામાં નથી. જેની સાથે છેલ્લાં ઘણાં સમયથી મારા અસીલને કોઈપણ પ્રકારનાં સામાજિક-કૌટુંબિક સંબંધો નથી, અને તેણે પોતાની રીતે પ્રેમલગ્ન કરેલ છે, અને પોતાનું સ્વચ્છંદી અને સ્વતંત્ર જીવન જીવે છે, તેથી પુત્ર દિગ્વિજય અને તેની પત્ની રુચીતા સાથે અમારો કોઈ સંબંધ નથી, તેથી તેના નાણાંકીય વ્યવહારો બાબતે કે તેના કોઈપણ પ્રકારના કૃત્ય કે અપકૃત્ય, ગુનાહિત પ્રવૃતિ બાબતે કે, અન્ય કોઈપણ બાબતે મારા અસીલ કે તેના કુંટુંબ પરિવારની કોઈ જ જવાબદારી થતી નથી. તેને મારા અસીલના કુંટુંબ પરિવારમાંથી, તથા કોઈ નાણાંકીય સંસ્થામાંથી નાણાંકીય વ્યવહાર કરવા અમારી કોઈ સંમતી આપેલ નથી, તથા મારા અસીલની સ્થાવર તેમજ જંગમ મિલકતમાં તેનો કોઈ હિસ્સો રહેશે નહીં. જેથી કોઈપણ વ્યક્તિ, સંસ્થાએ મારા અસીલના સંબંધમાં કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા- કરાવવા નહીં, અને જો તેમ છતા પણ કરશે તો તેની જવાબદારી મારા અસીલની કે તેના કુંટુંબના કોઈપણ સભ્યની રહેશે નહીં, જેની તમામ લાગતા વળગતાઓ એ નોંધ લેવી.

સુરત. તા.૦૧/૧૦/૨૦૨૬

ઓફીસઃ- ઓ.નં.૪૦, સુપર ડાયમંડ માર્કેટ, મીની બજાર, વરાછા રોડ, સુરત. મો.નં.૮૮૬૬૬૧૪૮૭૮

મારી મારફત
જીગ્નેશ હરીયાણી અને વંદના ગોહીલ
તે રાજ છત્રસિંહ હરિસિંહ ના એડવોકેટ

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીકટ કામરેજ મોજેગામ વલથાણ ના રે.સ.નં. ૩૯, જુનો બ્લોક નં. ૪૦, રીસર્વે બાદ બ્લોક નં. ૧૦૬ વાળી બિનખેતી પ્રિમીયમને પાત્ર ખેતીની જમીન, જેનું સુમારે ક્ષેત્રફળ હે.આરે ૨-૮૨-૨૧ ચો.મી. છે. સદર ખેતીની જમીનના માલીક (૧) ફાલ્ગુનીબેન જયંતિલાલ (૨) પરિમલ જયંતિલાલ (૩) રવિભાઈ કનૈયાલાલ તથા (૪) વરુણ પ્રવિણભાઈ એ મજકુર ખેતીની જમીન તેમની માલીકી તથા કબજા ભોગવટા અને વહીવટપણા હેઠળ હોવાની જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી ઉપરોકત જણાવેલ વિગત અને વર્ણનવાળી ખેતીની જમીન કે તેના હિસ્સા ઉપર જો કોઈ વ્યકિત, મંડળી, બેંક, કંપની, સંસ્થા કે અન્ય કોઈ સીદીલીટી/આડીલીટીના વારસદારોનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, અધિકાર, લેણાં, બોજો કે દરદાવો હોય તો તેમને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તે બદલના તમામ પુરાવાઓ સાથે નીચેના સરનામે રૂબરૂમાં લેખિત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી. જો તેમ કરવામાં નહી આવે તો મજકુર જમીન પરત્વે કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક-હિસ્સો, દરદાવો, બોજો, અધિકાર છે નહી અને હોય તો તે જતો વિવી કરેલ છે તેમ સમજી અમારા અસીલ ઉપરોકત જણાવેલ વિગત વાળી જમીન વેચાણ રાખવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરાવી મજકુર જમીનના માલીકો પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારી મારફત **રાજેશકુમાર જી. પટેલ** તે ખરીદનારના એડવોકેટ
ઓફીસ :-૪૦૨, દિપકમલ-૧, સરથાણા જકાતનાકા, વરાછારોડ, સુરત-૩૯૫૦૦૬મો. ૯૮૭૯૪ ૭૯૮૯૯

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, નવસારી ડિસ્ટ્રીકટ તાલુકા જલાલપોરના સબ ડિસ્ટ્રીકટના મોજે ગામ પરસોલીના બ્લોક/રેવન્યુ સર્વે નં. ૪૫૦ (જુનો સર્વે નં.૪૩૪/પૈકી ૧) થી નોધાયેલી બિન ખેતી ની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૭૮-૦૨ ચો.મી. છે જેનો આકાર રૂ.૦.૦૦ પૈસા છે તથા ખાતા નં. ૭૫૮ છે તે જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની જમીનના સ્વતંત્ર માલિક, મુખત્યાર તથા કબજેદાર બ્રીજેશ મણિલાલ મોવલીયાના ઓની સ્વતંત્ર માલિકીની ચાલી આવેલ છે. જેથી સદરહુ જમીન તેઓએ મારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને મારા અસીલ સદરહુ જમીનોનો પુરેપુરો અવેજ ચુકવી ટુંક સમયમાં પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે જેથી તે જમીનમાં અન્ય કોઇના કોઇપણ જાતના લાગભાગ, દરદાવા, હક્ક, હિત, હિસ્સો, અધિકાર, સંબંધ કે ખોરાકી-પોષાકીના હક્કો યા બેક, મંડળી, સંસ્થા વ્યક્તિ વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂદ્ધ કોઇને કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો તેમણે લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન-૭ માં મારા અસીલ વતી હમોને લેખિતમાં જાણ કરવી. જા મજકુર મુદ્દતમાં તેવા કોઇ હક્કદાવા કે વાંધા રજુ થશે નહી તો કોઇના હક્ક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે તેવુ માની મારા અસીલ તમામ પ્રકારના કાયદેસરના લખાણો તથા વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તે બાબતે ભવિષ્યમાં કોઇના કોઇપણ જાતના વાંધા કે તર-તકરાર ચાલશે નહી જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

અસીલની સુચના અને ફરમાઈશથી તા. ૦૨/૧૦/૨૦૨૬

હિતેશ વી. ઢોડિયા તે ખરીદનારના એડવોકેટ
૪૫-૪૬, મોમાઈનગર, પુણાગામ, સુરત. મો.નં. ૮૦૦૦૭૫૦૭૬૦

- : જાહેર નોટીસનો જવાબ તથા ચેતવણી : -

જિલ્લા નવસારીના તાલુકા જલાલપોરના મોજે - આસણા ગામની ખેતીની જમીન તથા આસણા ગામે નવા ઘર મહોલ્લામાં આવેલ મીલક્ત નં.૪૨ (મકાન નં.૩૬) વાળી મીલક્ત બાબતે તા.૨૫/૦૯/૨૦૨૬ ના રોજ ગૌતમકુમાર એમ. પટેલ (એડવોકેટ) દ્વારા આપવામાં આવેલ નોટીસનો જવાબ.

તા.૨૫/૦૯/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર અખબારમાં આપવામાં આવેલ નોટીશ મુજબ "હમારા અસીલની નોટીસમાં જણાવેલ મીલક્તો પૈકી ખેતીની જમીન મીલક્ત અમારા અસીલ દ્વારા વણવહેંચાયેલ હીસ્સાની મીલક્ત ખરીદ કરેલ હોય" એવી અધુરી અને ગેરમાર્ગે દોરનારી નોટીસ આપવામાં આવેલ છે. આપના અસીલે વણવહેંચાયેલ હીસ્સો કોની પાસેથી ખરીદ કરેલો છે. તેમજ કયા બ્લોક નંબરો ખરીદ કરેલા છે. તેની કોઈ સ્પષ્ટ વિગત દર્શાવેલી નથી. તેમજ આપની નોટીશમાં જણાવ્યા મુજબ "ગ્રામ પંચાયત મીલક્ત નં.૪૨ (મકાન નં.૩૬) વાળી હમારા અસીલ ના નામે પંચાયત રેકર્ડ દફતરે ચાલી આવેલ છે." જેમાં ખરી હકીકતમાં હમારા અસીલના પિતા મર્હુમ અહમદ હસન ભુલા ના નામે આસણા ગામે નવા ઘર મહોલ્લામાં ચાલી આવેલી અને હમારા અસીલના પિતાનું અવસાન તા.૩૦/૦૩/૧૯૯૮ ના રોજ થયેલ છે. તો સાલ-૨૦૧૧-૨૦૧૨ માં આપના અસીલનું નામ કેવી રીતે ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે ચઢેલ છે. જેના દસ્તાવેજી પુરાવાઓ તથા આપના અસીલે ખેતીની જમીન વેચાણ રાખેલાના દસ્તાવેજી પુરાવાઓ હમોને જમા કરાવવા અને આપના અસીલના નામ અને સરનામાની વિગત જણાવવી. તેમજ અમારી અસીલની મીલક્તનો કબજો હમારા અસીલે ઈબ્રાહીમ આદમ ભુલાનાઓને આપેલ હોય સદરહુ મીલક્તોમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવો કરાવવો નહીં. નહીતર હમારા અસીલે ફોજદારી કાર્યવાહી કરવાની ફરજ પડશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

માવિયા એફ. મંગેરા એડવોકેટ
રહેઠાણ : ૧૦૭, મુસ્લિમ ફળીયુ, ખેરગામ, તા. જી.નવસારી, ગુજરાત, ભારત મો.નં. ૭૦૯૬૩૩૯૬૬૧

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, પલસાણા સબ-ડીસ્ટ્રીકટના ગામ મોજે ભુતપોરમાં આવેલ બ્લોક/સરવે નં. ૨૯૬ થી નોંધાયેલી બિનખેતીના પ્રિ.પાત્ર ખેડખાતાની જમીન, જેનું જરાયતનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૬૮-૭૨ ચો.મી. તથા કયારીનું ક્ષેત્રફળ હે.આરે ૦-૧૮-૧૯ ચો.મી. મળી કુલ્લે ક્ષેત્રફળ હે.આરે. ૦-૮૬-૯૧ ચો.મી. અને આકાર રૂા.૧૧-૧૨ પૈસા છે જેનો ખાતા નં. ૨૬ છે તે ખેડખાતાની ખેતીની જમીન, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની (૧) મીનાબેન રણછોડભાઈ અને (૨) ટીનાબેન રણછોડભાઈએ એ પોતાની સ્વતંત્ર અને સંયુકત માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી તથા સદરહુ ખેતીની જમીનના વેચાણ અંગે કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંકને કોઈપણ પ્રકારના લેખો લખી આપ્યા નથી તેવું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેથી સદરહુ જમીન ઉપર કોઈપણ સરકારી કે સહકારી બેંક, સંસ્થા કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, હકક, હિત, સંબંધ, હિસ્સો કે દરદાવો યા આવવા-જવાના રસ્તાના ઈઝમેન્ટ કે ખોરાકી-પોષાકી વિગેરેના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમારા અસીલ વતી અમોને લેખીત વાંધા પુરાવાઓ સહીત જાણ કરવી. જો તેમ કરવામાં કોઈ ઢીલ કે કસુર થશે તો સદરહું જમીન અંગે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, સંબંધ, લાગભાગ કે દરદાવો યા ઈઝમેન્ટ કે ખોરાકી-પોષાકીના હકકો નથી અને હોય તો તે જતાં યાને વેવ કરેલા છે તેમ માની અમારા અસીલ સદરહુ ખેતીની જમીનનો તમામ હકકો સહિતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તરતકરાર ચાલશે નહીં. જેની તમામે નોંધ લેવી.

વિવેક નવીનચંદ્ર ઇન્દોરવાલા - સુનીતાબેન એન. ગોટાવાલા
મો.નં.: ૯૮૭૯૭ ૩૫૯૫૮ - મો.નં.૯૧૦૬૮ ૫૯૨૪૯ (નોટરી)
તે ખરીદનારના એડવોકેટ્સ
ઠે: ૮, સોમનાથ સોસાયટી, ભટાર રોડ, સુરત.

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

જાહેરાત ક્રમાંક: ૧૦૬૯/૨૪-૨૫ અન્વયે સૈનિક(ફાયરમેન), સબ ઓફીસર (ફાયર) અને સ્ટેશન ઓફિસર (ફાયર)ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવા બાબત

વડોદરા મહાનગરપાલિકા જાહેરાત ક્રમાંક: ૧૦૬૯/૨૪-૨૫ અન્વયે સૈનિક(ફાયરમેન), સબ ઓફીસર (ફાયર) અને સ્ટેશન ઓફિસર (ફાયર) ની શારીરિક કસોટી તા.૨૭-૦૩-૨૦૨૫ થી તા.૧૧-૦૪-૨૦૨૫ દરમ્યાન યોજવામાં આવેલ. સદર શારીરિક કસોટીમાં સફળ થયેલ ઉમેદવારો માટે સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનું આયોજન તા.૧૮-૧૦-૨૦૨૬, રવિવારના રોજ કરવામાં આવેલ છે. જે માટેના કોલલેટર વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી તા.૦૩-૧૦-૨૦૨૬ (૧૭:૦૦) થી તા.૧૭-૧૦-૨૦૨૬ (૨૩:૫૯) કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.૪૫૭/૨૬-૨૭ ડે. મ્યુનિ. કમિશનર(વ)

સુરત મહાનગરપાલિકા
ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસ

FIT INDIA

ફટાકડા હંગામી બુથ ફાળવણી અંગેની જાહેર વિજ્ઞપ્તિ

આગામી દિવાળી પર્વ નિમિતે સુરત મહાનગરપાલિકાએ પોતાના પ્લોટ ખાતે વિવિધ સ્થળોએ ફટાકડાનાં કામ ચલાઉ વેચાણ માટે હંગામી બુથોનું આયોજન કરેલ છે. સુરત મહાનગરપાલિકાનાં વિવિધ ઝોન ખાતેથી અત્રે ફાળવવામાં આવેલ મહાનગરપાલિકાનાં પ્લોટ ખાતે મે. પોલીસ કમિશનરશ્રીની આધિન મંજૂરીને મ.ન.પા. પ્લોટ ખાતે ફટાકડાનાં વેચાણ માટે અરજી ફોર્મ નીચેના સ્થળે થી મળી શકશે.

આવેલ અરજીઓનાં અરજદારશ્રીની આંતરીક સંમતિ મુજબ ફાળવણી કરવા અથવા હયાત બુથોની સામે આવેલ ઓછી અરજીઓનાં કેસમાં જુના અરજદારોને તેઓને અગાઉનાં વર્ષે ફાળવેલ સ્ટોલ ફાળવી આપવા અને નવા અરજદારને ત્યારબાદનાં ઉપલબ્ધ રહેતા સ્ટોલો માંથી જરૂરીયાત મુજબનાં સ્ટોલની ફાળવણી કરવા, ફટાકડા વેચાણનાં બુથો રદ કરવા અથવા જરૂરીયાત જણાયે તા.૧૪/૧૦/૨૦૨૬ નાં રોજ ફાયરખાતાની વહીવટી કચેરી, મુગલીસરા, મેઈન ઓફીસ, સુરત ખાતે બપોરે ૦૧-૦૦ થી ૦૩-૦૦ કલાક દરમ્યાન ફટાકડાનાં સ્ટોલ ફાળવણીનો ડ્રો કરવામાં આવશે.

અરજી ફોર્મ મેળવવાનું સ્થળ	અરજી ફોર્મ મેળવવાની તથા પરત કરવાની છેલ્લી તારીખ	અરજી ફોર્મની કિંમત
ફાયર ખાતાની વહીવટી કચેરી, બીજો માળ, મુગલીસરા ફાયર સ્ટેશનની ઉપર, મુગલીસરા, સુરત.	તા.૦૩/૧૦/૨૦૨૬ થી તા.૧૨/૧૦/૨૦૨૬ (૧૦:૩૦ થી ૦૨:૩૦ અને ૦૩:૦૦ થી ૦૬:૦૦ વાગ્યા સુધીમાં પરત કરવું)	રૂા. ૫૦૦.૦૦ (નોન રીફન્ડેબલ)

અરજી સાથે નીચે મુજબનાં બિડાણ કરવા :-
(૧) અરજદારશ્રીની નમુના મુજબની મૂળ અરજી
(૨) અરજદારશ્રીનો રહેઠાણનો પુરાવો
(૩) અરજદારશ્રીનો ઓળખનો પુરાવો
(૪) જુનાં અરજદારશ્રીઓએ અગાઉનાં વર્ષનાં સ્ટોલ ફાળવણીનાં પુરાવા અચૂક રજુ કરવાનાં રહેશે.
(૫) અરજદારશ્રીનું શારીરીક યોગ્યતાનું તબીબી પ્રમાણપત્ર મૂળ નકલ અચૂક રજુ કરવી

નં.પીઆરઓ/૨૬૯/૨૦૨૬-૨૭ ડેપ્યુટી કમિશ્નર
તા. ૦૧/૧૦/૨૦૨૬ સુરત મહાનગરપાલિકા

ટાઈટલ કલીયરન્સ બાબત જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ ડિસ્ટ્રીકટ તાલુકા મજુરાના મોજે વેસુનાં રેવન્યુ સર્વે નંબર ૩૪૬/૨, રી સર્વે નં. ૨૩૮/૨, ટી.પી. સ્કીમ નં. ૭૫, ફાઈનલ પ્લોટ નં. ૩૯ પૈકીથી નોંધાયેલ જમીનમાં આયોજીત **ધી એડ્રેસ** નામનાં **પ્રોજેકટ** વાળી જમીન/મિલકત **મેક્ષીપલ ઈન્ફ્રા, એલએલપી**નાંઓની સંપુર્ણ માલિકી-ભોગવટાની ચાલી આવેલ છે. તેઓએ અમારા અસીલ કંપની કને લોન મેળવવા અરજી કરેલ છે અને અમો કને ટાઈટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરેલ છે. પરંતુ, તેમના જણાવ્યા મુજબ, સદરહું મિલકત બાબત અગ્રહકકધારીના **અસલ રજી.વેચાણ દસ્તાવેજ નંબર : ૩૫૫૬ તા.: ૦૧/૦૪/૨૦૦૪ અને તેની અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ** ગેરવલ્લે થઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળેલ નથી. જેથી સદરહું મિલકત બાબત યા ગુમ થયેલ અસલ દસ્તાવેજ અને અસલ રજીસ્ટ્રેશન રસીદ બાબત કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો કે દર-દાવો હોય યા કોઈના કબજા-ભોગવટામાં હોય, તો **દિન-૭** માં દસ્તાવેજી પુરાવાઓ સાથે અમોને જાણ કરવી, મુદ્દત વીત્યે કોઈનો હકક, હીત, હીસ્સો વિગેરે નથી યા જતા કરેલા છે એમ માની અમારા અસીલ કંપની સદરહું મિલકતનું ગીરોખત કરાવી લેશે અને તે રીતે સદરહું મિલકત ઉપર અમારા અસીલ કંપનીનો પ્રથમ ચાર્જ રહેશે. ત્યારબાદ, કોઈની કોઈ પણ જાતની તરતકરાર ચાલશે નહી. જેની આથી લાગતા-વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફીસ : ૪૦૨, સત્યમ કોમ્પલેક્ષ, મુદીતા મીઠાઈની સામે, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૧ ગુજરાત. મો.૯૮૨૫૨ ૯૭૧૦૦

નિશીથ કે. સુખડવાલા
એડવોકેટ

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

આથી લગતા વળગતા તમામને જણાવવાનું કે, ભરૂચ ડીસ્ટ્રીકટ હાંસોટ સબ-ડીસ્ટ્રીકટનાં મોજે. ગામ-**વાલનેર** નાં ખાતા નંબર-૯૩૩ જેનો **સર્વે/બ્લોક નંબર-૫૭૦ (જુનો સર્વે/બ્લોક નંબર-૩૫૭ ક)** જેનુ કુલ ક્ષેત્રફળ હેકટર ૦-૧૮-૦૮ આરે.ચો.મી., જેનો આકાર રૂા.૧-૮૫ પૈસાવાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન **રમેશભાઈ રતિલાલ લાડ**નાં સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. સદરહું જમીન તેમની પાસેથી અમારા અસીલે વેચાણ રાખવાનું નક્કી કરેલ. અને ટુંક સમયમાં અમારા અસીલ મજકુર જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જે સંજોગોમાં આ નોટીસ થકી જણાવવાનું કે, ઉપર જણાવેલ મિલકત બાબત કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દર-દાવો, મોરગેજ, ટાંચ વિગેરે હોય તો તેઓએ દિન-૭ માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને ખુલાસો કરવો. ત્યારબાદ સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક રહેલ નથી તથા તેવા તમામ હક્કો જતા કરેલ યાને વેઈવ થયેલ છે. એમ સમજી વેચાણ લેનાર મુદતમાં વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર, દરદાવો ચાલશે નહિં. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

સ્થળ : સુરત
તારીખ :૦૨/૧૦/૨૦૨૬
ઠેકાણું : મુ.પો. કતપોર, તા.હાંસોટ. જી.ભરૂચ. (મો.નં.૯૬૮૭૮ ૧૨૧૧૮)

મારી સુચનાથી
જતીન એમ.પટેલ
તે ખરીદનારનાં એડવોકેટ

જાહેર નોટીસ

અમારી કંપનીના સભાસદ શીલા એમ. રાઠોડ, ઠેકાણું : ૪૨, નેહરુનગર સોસાયટી, ઉમરા, સુરતના તરફથી તેમના શહેર સુરતના ઉમરવાડા વિસ્તારમાં આવેલી ટી. પી. સ્કીમ નંબર - ૮ (ઉમરવાડા) ના ફાયનલ પ્લોટ નંબર : ૧૪૩ પૈકી તથા ૧૪૪ વાળી જમીન ઉપર આવેલ "મિલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ" માં પહેલા માળ ઉપર આવેલ દુકાન નંબર : સી/૩૧૩૯ વાળી મિલકતને લગતા અસલ શેર સર્ટીફીકેટ નંબર : ૯૯૫ ગુમ થયા હોવાનું જણાવી ડુપ્લીકેટ શેર મેળવવા માટે અરજી મળી છે. વધુમાં શીલા એમ. રાઠોડએ સદરહુ દુકાન તનિશ દિલીપ રાઠોડને રજી. દસ્તાવેજની રૂએ તબદીલ કરી છે. સબબ ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ કાઢી આપવા બાબતેની અરજી મંજૂર કરવા સામે કોઈને વાંધો હોય અથવા મિલકત કે તેને લગતા શેર સંબંધે જે કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, દરદાવા યા કલેઈમ હોય તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં પુરાવા સહિત લેખીત વાંધા આપવા. જો નિયત મુદતમાં વાંધા મળશે નહીં તો કોઈના તેવા વાધાં નથી અને હોય તો તે વેવ કર્યા છે તેમ ગણી અરજદારને ડુપ્લીકેટ પેપર્સ બનાવી આપવામાં આવશે અને તે બાદ કોઈની તકરાર ધ્યાને લેવાશે નહિં તેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

મારી મારફત
મહર્ષિ હિતેશ લાયવાલા (એડવોકેટ)
ત્રીજો માળ, સાઈગોન, સીટીલાઈટ રોડ, પાર્લે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત.

ડીરેકટરશ્રી / અધિકૃત સહીકર્તા,
લક્ષ્મી શોપ્સ એન્ડ વેરહાઉસીસ લીમીટેડ, મિલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ, રીંગરોડ, સુરત.

-// જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ //-

ડીસ્ટ્રીકટ **સુરત**, સબ ડીસ્ટ્રીકટ તાલુકા **ઓલપાડ**, મોજે ગામ : **અછારણ**, જેનો **બ્લોક નં. : ૨૫૬**, જેનો **રેવન્યુ સર્વે નંબર** : ૯૦ વાળી જૂની શરત ની ખેતી ની જમીન કે જેનું ૭/૧૨ મુજબ નું **ક્ષેત્રફળ હે.આરે. ૦-૪૩-૫૦ ચો.મી.** જેનો **આકાર રૂ. ૬.૩૧ પૈસા**, જેનો **ખાતા નં : ૧૩૦** વાળી જમીન ૭/૧૨ મુજબ **ભગવતીભાઈ રણછોડભાઈ**ની સ્વતંત્ર માલિકી કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા, હેઠળની તથા તમામ ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાની જણાવી કુલ્લે જમીન તેમના દ્વારા અમારા અસીલને કિમતી અવેજ બદલ વેચાણથી આપવાનું નક્કી કરેલ છે. સદરહુ જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા, મંડળી, બેંક કે અન્ય કોઈ નો કોઈપણ જાતનો હક્ક હિત હિસ્સો લાગભાગ, અલાખો, અધિકાર, લીઝ પેન્ડનસ, લીયન, કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાજ-બોજો, દર-દાવો, કબજો, સાટાખત, બાનાખત, વારશાઈ હક વિગેરે હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત **દિન-૭** માં નીચે દર્શાવેલા સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક-હિત-હિસ્સો, દરદાવો નથી અને જો હોય તો તે જતો યાને "વેવ" કર્યો છે. તેવું ગણી લઈ અમારા અસીલ તેઓના લાભમાં ઉપરોક્ત માલિકો, કબજેદારો પાસેથી મજકુર જમીનનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કે અન્ય લખાણો કરાવી લેશે અને ત્યારબાદ ભવિષ્યમાં તે અંગે કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો વિરોધ, દર-દાવો વિગેરે ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૨/૧૦/૨૦૨૬

ડૉ. મેહુલ બી. સોનાણી તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ:૨૦૧-૨૦૨ રાધેશ્યામ શોપીંગસેન્ટર, સોનાણી દાંતના દવાખાના ની ઊપર, સિંગણપોર ચાર રસ્તા, કતારગામ, સુરત.મો નં:૯૩૭૭૭ ૨૭૧૫૩

રજીસ્ટ્રેશન રસીદ ગુમ થયા અંગેની જાહેર નોટીસ

જીલ્લો ભરૂચ, તાલુકો વાલીયાના મોજે ગામ સીંગલવાણ ના ખાતા નંબરઃ ૨૧૯, વાળી જમીન જેના બ્લોક નં. ૩૨ (જુનો બ્લોક નં. ૬૨) થી નોંધાયેલી જુની શરતની જરાયત ખેતીલાયક જમીન જેનુ ક્ષેત્રફળ હે.આરે. ચો.મી. ૦૨-૩૩-૦૨ ચો.મીટર થાય છે, જેનો આકાર રૂા. ૦૪.૩૫ પૈસા વાળી ખેતીની જમીન મીલકત (૧) નર્મદાબેન જીવરાજભાઈ બાબરીયા તે રવજીભાઈ તેજાભાઈ હીરપરાની પત્નિ, (૨) બીપીનભાઈ રવજીભાઈ હીરપરા, (૩) અશ્વિનભાઈ રવજીભાઈ હીરપરા તથા (૪) ચેતનભાઈ રવજીભાઈ હીરપરા ની સંયુકત માલીકી, કબજા ભોગવટાની ચાલી આવેલ છે. સદરહું મીલકત, જમીન માલીકોએ શશીકાન્તભાઈ નારણભાઈ ભકત પાસેથી ખરીદ કરેલ હતી. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. વાલીયા સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીના દસ્તાવેજ અનુક્રમ નં. ૫૭૬ થી તા. ૨૯/૧૦/૨૦૧૨ ના રોજ વાલીયા સબ રજીસ્ટ્રાર કચેરીમાં રજીસ્ટર્ડ થયેલ છે. સદર જમીન માલીકો પાસેથી દસ્તાવેજ અનુ. નં. ૫૭૬ થી તા. ૨૯/૧૦/૨૦૧૨ ના રોજની ઓરીજનલ રજીસ્ટ્રેશન રસીદ ગુમ/ખોવાઈ યાને ગેરવલ્લે થઈ હોવાનું જણાવી અમોના અસીલને વેચાણ કરેલ છે. સદરહું મીલકતની ઓરીજનલ રજીસ્ટ્રેશન રસીદ જો કોઈના કબજામાં હોય યા સદરહું મીલકતમાં જો કોઈ બેન્ક, નાણાકીય સંસ્થા કે કોઈ વ્યકિતનો હરકોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દરદાવા, લાગભાગ, સાટો, ગીરો, બોજો યા ચાર્જ હોય તો તે અંગે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે થી દિન-૭ (સાત) માં હમોને નીચે જણાવેલ ઠેકાણે લેખીત દસ્તાવેજી પુરાવા સાથે જાણ કરવી. મુદત વિત્યેથી કોઈપણ પુરાવા સહીત રજુઆત ન કરશે તો સદરહું મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દરદાવા, લાગભાગ, સાટો, ગીરો, બોજો યા ચાર્જ વિગેરે નથી અને હોય તો ત્યજી દીધેલ છે અને મજકુર ઓરીજનલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા ઓરીજનલ રજીસ્ટ્રેશન રસીદ ખરેખર ગુમ થયેલ છે / ખોવાઈ ગયેલ છે તેમ ગણીને મુદત વિત્યેથી અમોના અસીલના નામે પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર કે હકક, દાવા કે વાંધા ચાલશે નહી. જેની આથી લાગતા વળગતા તમામે છેવટની નોંધ લેવી.

ધામેલીયા એસોસીએટસ,
૨૧૦, બીજોમાળ, રાજદિપ કોમ્પલેક્ષ,
સીગણપોર ચાર રસ્તા, વેડ રોડ, કતારગામ, સુરત.

અનિલ એલ. ધામેલીયા
તે ખરીદનાર ના એડવોકેટ

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

ડી. સુરત, સબ-ડી. ઓલપાડ, મોજે ગામ - નરથાણ ની સીમમાં આવેલ બ્લોક / સર્વે નંબર : ૨૩૮ વાળી સુમારે ૩૧૩૬૩ ચો.મી. ક્ષેત્રફળવાળી બીનખેતીની થયેલ જમીનમાં આવેલા પ્લોટ નંબર : ૧ થી ૨૩૩ તથા મજકુર આખી જમીનમાં આવેલ રોડ-રસ્તા, સી.ઓ.પી., ઓ.એસ. વિગેરે સહિતની કુલ્લે જમીન કે જેનો ઓલપાડ સીટી સર્વે વોર્ડ - નરથાણ (બીનખેતી) માં સમાવેશ થતા સીટી સર્વે નંબર : NA૨૩૮/૧ થી NA૨૩૮/૨૪૧, શીટ નં. NA૯૯ આપવામાં આવે છે તે કુલ્લે સંપુર્ણ હદહુદ, વાડ, ફેન્સીંગ સહિતની જમીન તેના માલીકો (૧) નયનકુમાર મહેન્દ્રકુમાર મહેતા, (૨) રાકેશકુમાર નટવરલાલ મોદી, (૩) મિતુલકુમાર સુમતિલાલ દોશીનાઓએ પોતાની સંયુકત માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળ ચાલી આવેલ હોવાનું જણાવી, સદરહુ આખી જમીનના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું ખાત્રી અને ભરોસો અમારા અસીલને આપ્યો હોવાથી સદરહુ આખી જમીન અમારા અસીલે મજકુર માલીકો પાસેથી ખરીદ કરવાનું નકકી કર્યુ છે, સબબ, સદરહુ આખી જમીન ઉપર કોઇપણ રાષ્ટ્રીયકૃત બેંક, સહકારી બેંક, નાણાંકીય સંસ્થા યા અન્ય કોઇપણ વ્યકિત યા ઇસમનો હકક કે દાવો હોય, કે ઇઝમેન્ટના રાઇટસ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન - ૭ માં હમારા નીચે જણાવેલા સરનામે લેખિતમાં જાણ કરવી અને રૂબરૂ મળી જવું. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહુ આખી જમીનમાં કોઇનો કોઇપણ જાતનો હકક, હિસ્સો, હિત, સંબંધ, દર-દાવો નથી અને હોય તો તે તમામ જતો યાને વેઇવ કર્યો છે, તેમ માની લેવામાં આવશે. આ નોટીસની મુદત વિત્યે હમારા અસીલ સદરહુ આખી જમીનનો વેચાણ વહેવાર પુર્ણ કરી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, કોઇની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા તમામએ સ્પષ્ટ નોંધ લેવી.

સદર નોટીસ અસીલની સુચના અને ફરમાઇશથી પ્રસિધ્ધ કરાવેલ છે.

ઓફીસ : ૨૦૭, જલદર્શન ટાવર, નાવડી ઓવારા સામે, બહુમાળી બીલ્ડીંગ પાસે, નાનપુરા, સુરત. મો.નં. ૯૮૭૯૧ ૭૮૯૦૦

મારી મારફત
અલ્પેશ જે. આફ્રીકાવાળા
એડવોકેટ & નોટરી

મોજે ગામ : ડુમસ ના બ્લોક/સર્વે નંબર : ૭૪૫ ની કુલ જમીન પૈકીની સુમારે ૨૫૦૦ ચોરસ વાર જમીન
વેચાણ રાખવા અંગેની જાહેર નોટીસ

જત આ જાહેર નોટીસ આપી લાગતા વળગતા સર્વે કોઈની જાણ ખાતર જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, મજુરા સબ ડીસ્ટ્રીકટ ગામ મોજે : ડુમસ ના બ્લોક / સર્વે નંબર : ૭૪૫, કે જેને ટી.પી સ્કીમ નંબર : ૮૨ (ડુમસ), ફાયનલ પ્લોટ નંબર : ૭૨ લાગુ પડે છે તે વિગતની બીનખેતીની કુલ સુમારે : ૧૦૯૧૭ ચોરસ મીટર જમીન પૈકી ૨૫૦૦ ચોરસ વાર માપ વિસ્તારની ખુલ્લી જમીન શ્રી (૧) નિકેશકુમાર નાનાલાલ વિરવાડીયા (૨) ચેતનભાઈ મુકિતલાલ મહેતા (૩) કમલેશભાઈ સુર્યકાંત સિરિયા (૪) છાયા જીગેશ શાહ (૫) લતાબેન રજનીકાંતભાઈ શાહ ની માલીકીની તેમજ પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાની **તેમજ સદરહુ જમીન ચોખ્ખા / કિલયર અને માર્કેટેબલ ટાઈટલ સહીતની કોઈપણ પ્રકારના દાવાદુવીના પ્રકરણ વિનાની** હોવાનું જણાવીને કુલ ક્ષેત્રફળ સુમારે : ૧૦૯૧૭ ચોરસ મીટર પૈકી કુલ જમીન પૈકી ઉત્તર દિશા તરફથી ગણતા ૧૮ મીટરના જંકશન રોડને લાગુ આવેલી ૫૫૦૦ ચોરસ વારની જમીન પછી તેની દક્ષિણ તરફ આવેલી ૨૫૦૦ ચોરસ વારની આકાશી ખુલ્લી જમીન કે જે જમીન તેની પશ્ચિમ દિશા તરફે ૧૮ મીટરના રોડને લાગુ આવેલ છે તેવી જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદરહું જમીન બાબતે કોઈપણ વ્યકિતને જમીન માહેના કોઈપણ પ્રકારના હકક, હીત, હીસ્સો, અધિકાર, દર-દાવો, લાગ-ભાગ, ઈલાખો, લીસ પેન્ડન્સી, ચાર્જ,લીયન, બોજો કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ ના અધિકારો હોવાની કે અન્ય કોઈ હકક, સોદાચીટ્ઠી, સાટાખત/ બાનાખત, વારસાઈ હકક કે કોઈપણ પ્રકારના પરોક્ષ કબજા હકક અધિકાર, ભરણપોષણના અધિકાર, કે જમીન માહેથી આવવા જવાના કે રોડ-રસ્તાના કે પડોશ હકક મુજબના ઈઝમેન્ટરી રાઈટ હોય, કે અન્ય હરકોઈ પ્રકારના હકક, અધિકાર હોય તો સદર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તે અંગેના પુરાવા સહિત નીચે જણાવેલા સરનામે રૂબરૂમાં જાણ કરવી. તેમ કરવામાં કસુર થયેથી તેમજ મુદ્દત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સા, અધિકાર, લાગભાગ કે દર દાવો નથી તેમજ જો હોય તો તેઓએ તેવા હકકો, અધિકાર, દર-દાવા જતા કરેલા યાને છોડી દિધા છે તેવું ગણી હમારા અસીલ જમીન વેચાણ રાખવા અંગેના કાયદેસરના વેચાણ વ્યવહાર પુર્ણ કરી પાકા લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિતની કોઈ તર-તકરાર કે વાંધા ગ્રાહ્ય રહેશે નહી. જેની લાગતા વળગતા તમામ તેમજ જાહેર જનતા ગંભીર નોંધ લેશો. સુરત તારીખ : ૦૨/૧૦/૨૦૨૬

ઠે.૧/૧૪૯૫, ૨૦૨-લો-એવન્યુ, ગોધા સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો.૯૮૨૫૧ ૯૮૭૮૭

અમિત પી. નાગર
એડવોકેટ એન્ડ નોટરી

-: જાહેર નોટીસ :-

જિલ્લા : સુરત, તાલુકો મજુરા ના **મોજે ગામ : મજુરા**ના રેવન્યુ સર્વે નંબર ૩૫/૨ તથા ૩૬ પૈકી, ટી.પી. સ્કીમ નંબર ૬, ફાઈનલ પ્લોટ નંબર ૧૩ માં આવેલ **સાથ-સંગાથ એપાર્ટમેન્ટમાં** નવમા માળે આવેલા ફલેટો પૈકી **ફલેટ નંબર ૯૦૩** વાળી ફલેટ મિલકત હમોના અસીલ **મુકેશ પ્રેમચંદ અગ્રવાલ**ની માલીકીની ચાલી આવેલ છે. અને એસ.એમ.સી. દફતરે, તથા લાઈટબીલમાં પણ તેઓનું નામ ચાલી આવેલ છે. સદરહું મિલકત તેઓની સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા, વહીવટ-વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ છે. જે મિલકત ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની વગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત દીન-૭, માં તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી હમોને કરાવવાની રહેશે, મુદ્દત વિત્યા બાદ સદરહું મિલકતમાં કોઈના કોઈપણ પ્રકારના હિત, સબંધ, હક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી, એમ માની લેવામાં આવશે. મુદત બાદના કોઈપણ પ્રકારના વાંધા, તકરાર વિગેરે ચાલશે નહી. તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી. (અસીલની સુચના અને ફરમાઈશથી)

JETANIVAGHASIYA ASSOCIATES
ROMIL R. JETANI, SAGAR D. VAGHASIYA, HARDIK B. VAGHASIYA
(ADVOCATES)
Office :507, Laxmi Enclave-2, Near, Gajera School Katargam, Surat.,
Chamber :121, High Court Of Gujarat Sola, Ahmedabad. Mo. +91 81402 94863
www.jetanivaghasiyaassociates.com

વેચાણ અંગેની જાહેર નોટીસ

શહેર સુરતના પાલિયા સ્ટ્રીટ, નાનપુરા વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં. ૧, નોંધ નં. ૯૯૮/બ કે જેનું સીટી સર્વે રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૫૭.૬૯૨૯ ચો.મી. છે તે જમીન તથા સુરત મહાનગરપાલીકાના વેરાબીલ મુજબના બાંધકામનું ક્ષેત્રફળ સુમારે ૧૬૮.૩૩ સ.ચો.મી. તથા જેનું બીલ્ટઅપ ક્ષેત્રફળ સુમારે ૨૦૧.૯૯૬ ચો.મી. થાય છે. તે સંપૂર્ણ બાંધકામ સહીતની મીલકત. તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક અધિકાર સહીતની મીલકત જેનો મ્યુનીસીપલ ટેનામેન્ટ નં. ૦૦૧એ-૨૭-૦૭૭૧-૦-૦૦૧ અને ૦૦૧એ-૨૭-૦૭૭૧-૦-૦૦૨ છે. તે મીલકતના માલીક/કબજેદારો (૧) વિનોદ જયંતિલાલ કાપડિયા (૨) બિપીનચંદ્ર જયંતિલાલ કાપડિયા (૩) ચંદ્રિકાબેન ધીરજલાલ મોદી તે જયંતિલાલ કાપડિયાની પુત્રી (૪) અરવિંદા મુકુન્દરાય રાજાજોષીવાલા તે જયંતિલાલ કાપડિયાની પુત્રી (૫) આશા જગદીશ ગાંધી તે જયંતિલાલ કાપડિયાની પુત્રી (૬) ઉષાબેન કનૈયાલાલ કાપડિયા (૭) મનિષ કનૈયાલાલ કાપડિયા (૮) જીગિષા રાજેશકુમાર ચલીયાવાલા તે કનૈયાલાલ કાપડિયાની પુત્રી (૯) પિન્કીબેન દિલીપકુમાર પરમાર તે કનૈયાલાલ કાપડિયાની પુત્રી (૧૦) તારકેશ ચંપકલાલ મહેતા (૧૧) કિર્તીબેન સતીષભાઈ કાપડિયા તે ચંપકલાલ જરીવાલાની પુત્રી અને (૧૨) હર્ષાબેન રાજેશકુમાર લાકડાવાલા તે ચંપકલાલ જરીવાલાની પુત્રી ચાલી આવેલ તેમજ ભાડુઆત તરીકે (૧) ધનસુખભાઈ ગોવિંદભાઈ પટેલ અને (૨) રેખાબેન ગોવિંદભાઈ પટેલ ના હકક ચાલી આવેલ તેમજ તેઓની પણ સંમતિ હોવાનું જણાવી તથા તેઓ સિવાય અન્ય કોઈના કોઈપણ રીતે હકક અધિકાર નથી તેમ જણાવી અને ખાત્રી તથા ભરોસો આપી તેઓએ અમારા અસીલ ને સદરહુ મીલકત ભાડુઆતના હકક સહીત વેચાણ આપવા નકકી કરેલ છે જેથી સદરહુ મીલકતને લઈ કોઈ વ્યકિત, બેંક, સંસ્થા, તથા સરકારી-અર્ધસરકારી કચેરી વિગેરેના કોઈપણ જાતના હકક-અધિકાર, બોજો વિગેરે હોય તો તેની જાણ દિન-૭ માં લેખિતમાં હમોને કરવી. જો તેમ નહી કરવામાં આવે તો તેવા હકક, અધિકાર નથી અને હોય તો તે આથી છોડી દેવામાં આવેલ છે. તેમ માની વેચાણ-ખરીદની કાર્યવાહી પુરી કરવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી જેની જાહેરે નોંધ લેવી.

સુરત, તા. ૦૨/૧૦/૨૦૨૬
૬૧-૬૨, હરીશ નગર, ગ્રીન એન્કલેવ રો-હાઉસ ની સામે, સરદાર પુલ નજીક, ગુજરાત ગેસ સર્કલ, અડાજણ, સુરત. મો.નં. ૯૮૯૮૦ ૪૫૨૬૫

મિતેષ એમ. શાહ
જય એમ. શાહ
તે ખરીદનારના એડવોકેટસ

વેચાણ અંગેની જાહેર નોટીસનો જાહેર વાંધો

તા. ૨૪-૯-૨૦૨૬ ના દૈનિક "ગુજરાત મિત્ર" માં એડવોકેટશ્રી ડો. મેહુલ બી. સોનાણી દ્વારા પોતાના અસીલનું નામ, ઠામ, ઠેકાણું જાહેર કર્યા વિના **સુરત** ડીસ્ટ્રીકટ, **ઓલપાડ** સબ-ડીસ્ટ્રીકટ, **મોજે સીવાણ ના સર્વે નંબર-૩૦૪ પૈકી, ૨૯૯/પૈકી, બ્લોક નંબર-૨૨૬, જેનું ક્ષેત્રફળ ૨-૫૭-૯૯ હે.આરે.ચો.મી.** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન સંબંધે જે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે તેનો મારા અસીલ **(૧) હીનાબેન તે કૌશિકભાઈ પટેલ પત્ની અને હસમુખભાઈની દિકરી તથા (૨) દક્ષાબેન તે મીનેશભાઈની પત્ની અને હસમુખભાઈની દિકરી** તરફે જાહેર જવાબ આપી જણાવવાનું કે,

મારા અસીલ **(૧) હીનાબેન તે કૌશિકભાઈ પટેલ પત્ની અને હસમુખભાઈની દિકરી તથા (૨) દક્ષાબેન તે મીનેશભાઈની પત્ની અને હસમુખભાઈની દિકરી**નો ઉપરોકત જણાવેલી જમીનમાં મર્હુમ મંજુલાબેન હસમુખભાઈ પટેલના સીધીલીટીના કાયદેસરના વારસોની હેસીયતથી વણવહેંચાયેલો હક, હિત, હિસ્સો લાગુ થાય છે. સદરહુ નોટીસમાં જણાવેલ ઈસમ યાને વાસુ સંજયભાઈ પટેલનાએ ત્રાહિત વ્યક્તિઓ સાથેના મેળાપીપણામાં હમોના માતૃશ્રી યાને મંજુલાબેન હસમુખભાઈ પટેલનું તદ્દન ખોટું, બોગસ, બનાવટી અને ગેરકાયદેસરનું વીલ ઉભુ કરી ખોટી નોંધો રેવન્યુ દફતરે દાખલ કરાવવામાં આવેલ છે અને તેની જાણ હમોને હાલમાં જ તા. ૨૪-૯-૨૦૨૬ ના રોજ જમીન વેચાણ અંગેની નોટીસ પ્રસિધ્ધ થયા બાદ રેવન્યુ રેકર્ડ જોતા જાણ થયેલ છે. મર્હુમ મંજુલાબેન હસમુખભાઈ પટેલનાઓ કહેવાતું વીલ કરવા સક્ષમ નહી હોવાથી સદરહુ કહેવાતા ગેરકાયદેસરના વીલ સંબંધે કાનૂની પ્રકરણ કરનાર છીએ. સદરહુ જમીનમાં મારા અસીલોનો કાયદેસરનો હક, હિત, હિસ્સો ચાલી આવેલ છે તેથી રેવન્યુ રેકર્ડ ઉપરના કહેવાતા માલીક એવા **વાસુ સંજયભાઈ પટેલ** સાથે કોઈપણ પ્રકારના વ્યવહાર કરવા નહી અને વેચાણ રાખનારને સાવધાન કરવા માટે જાહેર જનતાના વિશાળ હિતમાં આ જાહેર નોટીસ આપવી પડેલ છે.

આ નોટીસમાં જણાવેલી જમીન સંબંધે મારા અસીલની લેખિત સંમતિ સિવાય કોઈપણ વ્યક્તિ જોડે કોઈપણ પ્રકારના વ્યવહારો કે નાણાંકીય લેવડ દેવડ કરવી-કરાવવી નહી, જો આ નોટીસની અવગણના કરી કોઈપણ વ્યક્તિ આવા વ્યવહારો કરશે તો આવી વ્યક્તિને શુધ્ધ-બુધ્ધિપૂર્વકના વ્યવહાર કરનાર ગણાશે નહી, બલ્કે તેઓને તકરાર સિવાય કશુ પ્રાપ્ત થશે નહી અને પોલીસ પ્રકરણ તથા કોર્ટ કચેરીના પ્રકરણમાં સંડોવાવવું પડશે, તેની સર્વેએ નોંધ લેવી.

તા. ૦૧/૧૦/૨૦૨૬
ઠેકાણુ : ૫૦૫, "વિઝન", શેલ પેટ્રોલ પંપ સામે, એલ.પી. સવાણી રોડ, અડાજણ, સુરત. મો. ૯૪૨૬૬ ૦૫૪૬૧

ધ્રુવિત એચ. પટેલ
એડવોકેટ

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

નવસારી ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તાલુકો જલાલપોર, મોજે ગામઃ મગોબની સીમમાં આવેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ જુની શરતની ખેતીની જમીનો તેના માલીક પરબતભાઇ મુળજીભાઇ કાકડીયાએ પોતાની સવતંત્ર માલીકીની પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ હોવાનું અને તેના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાની ખાત્રી ભરોસો તે અમારા અસીલને આપ્યો હોવાથી સદરહુ જમીનો અમારા અસીલે મજકુર પરબતભાઇ મુળજીભાઇ કાકડીયા પાસેથી ખરીદ કરવાનું નકકી કર્યુ છે, તેથી સદરહુ જમીનોમાં કોઇપણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે વેચાણ રાખવાના હકક કે અધિકાર હોઇ કે કોઇનો ભરણ પોષણ કે ઇઝમેન્ટનો હકક કે ગણોત હકક કે ખેડ હકક હોય કે કોઇ પણ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્શીયલ ઇન્સ્ટીટયુટનો બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં અમોને કાયદામાં ગ્રાહય પુરાવા સહિત લેખિતમાં રૂબરૂ મળવુ, જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ જમીનોમાં કોઇપણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે વેચાણ રાખવાના હકક કે અધિકાર નથી કે કોઇનો ભરણ પોષણ કે ઇઝમેન્ટનો હકક કે ગણોત હકક કે ખેડ હકક નથી કે કોઇ પણ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્શીયલ ઇન્સ્ટીટયુટનો બોજો નથી અને હોય તો તે તમામ જતા કર્યા છે યાને છોડી દીધા છે. તેમ માની લેવામાં આવશે અને ત્યારબાદ, ભવિષ્યમાં કોઇની કોઇપણ પ્રકારની તકરાર કે દાવો ચાલશે નહી, અને અમારા અસીલ વેચાણ વહેવાર પુર્ણ કરી કાયદેસરના લખાણો/દસ્તાવેજો કરાવી લેશે. જેની લાગતા વળગતાએ નોંધ લેવી. સદર નોટીસ અસીલની સુચના અને ફરમાઇશથી પ્રસિધ્ધ કરાવેલ છે.

-:: પરિશિષ્ટ ::-

ક્રમ	જુનો રે.સર્વે / બ્લોક નંબર :	રે.સર્વે / બ્લોક નંબર :	ક્ષેત્રફળ સુમારે હે. આરે. ચો.મી.	આકાર રૂા.પૈસા	ખાતા નંબર
૧	૯૭	૧૦૮	૧-૬૪-૩૨	૮-૩૦	૨૮૮
૨	૧૦૦	૧૧૧	૨-૩૨-૪૧	૧૧-૨૦	
૩	૧૦૫	૧૧૬	૧-૧૯-૦૦	૪-૫૫	

આફ્રીકાવાળા & એસોસીએટ્સ વતી તા. ૦૧/૧૦/૨૦૨૬

અલ્પેશ જે. આફ્રીકાવાળા **ચાર્મી જે. આફ્રીકાવાળા**
એડવોકેટ્સ
ઓફીસ : ૧૦૦૧, વેલેન્ટીના બીઝનેસ હબ, સેલ પેટ્રોલ પંપ પાસે, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત. મો.નં. ૯૮૨૪૧ ૭૨૮૩૬

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવાનું કે ડીસ્ટ્રીકટ **સુરત** સબ-ડીસ્ટ્રીકટ તાલુકે **માંગરોળ**નાં મોજે ગામ **સીમોદરા**નાં **રે.સ.નં.૬૪૮/૧**, કે જેનો **રીસર્વે બાદ નવો બ્લોક નં.૫૭૩** (કે જેનો **રીસર્વે પહેલાનો** બ્લોક **નં.૫૨૮** છે.) થી નોંધાયેલ કુલ સુમારે ક્ષેત્રફળ **હે.આરે ૧-૪૮-૯૨ ચો.મી.** વાળી ખેતીની જમીન, કે જેનો **ખાતા નં.૭૭૩** થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીનના માલીકો તરીકે **(૧) રણછોડભાઈ હરીભાઈ સોલંકી (૨) ગોવિંદભાઈ રણછોડભાઈ સોલંકી (૩) જયાબેન રણછોડભાઈ સોલંકી (૪) દક્ષાબેન રણછોડભાઈ સોલંકી (૫) સરસ્વતીબેન રણછોડભાઈ સોલંકી તથા (૬) ચંદનબેન રણછોડભાઈ સોલંકી**ની સંયુક્ત માલીકી અને પ્રત્યેક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ કરવા માંગે છે. મજકુર જમીનમાં અગર તેના કોઈ ભાગ અંગે ઉપરોક્ત જણાવેલ જમીન માલીકો સિવાય અન્ય કોઈના કોઈપણ અધિકાર, ટાઈટલ, હિત, હિસ્સો, ગીરોનો કોઈ સીધી કે આડકતરો બોજોનો હકક, દાવો, વેચાણ, ભેટ, ટ્રાન્સફર ડીડ, વારસો, ટેનન્સી, સમજુતી, મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેડિંગ, કોઈ બેંક, સંસ્થા, ટ્રસ્ટ, મંડળી કે ખાનગી-સરકારી સંસ્થાનો બોજો, ચાર્જ, લીયન, સિકયુરિટી, ઈઝમેન્ટ, પાવર ઓફ એટર્ની, આવવા-જવાના રસ્તાના હકક, ઈઝમેન્ટ, એક્વીઝીશન નથી કે અન્ય કોઈપણ પ્રકારનાં સાટાખત, બાનાખત, સોદાચિઠ્ઠી કે તબદીલીને લગતા કોઈ લખાણો અન્ય કોઈ ત્રાહીત વ્યક્તિને કરી આપેલ નથી કે કોઈ કૌટુંબીક કે ભાગીદારો/સહમાલીકો/વારસોની તર-તકરાર નથી તેમ જણાવી મજકુર માલીકે સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેવું કંઈપણ રહેલું હોય તો તે સંદર્ભમાં પોતાના લેખિત વાંધાની અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં તેના દસ્તાવેજી પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરી તેની ખાત્રી આપવી. જો તેમ નહિ કરવામાં આવે તો અમારા અસીલ ઉપરોકત જણાવેલ માલીકને વેચાણ અવેજની રકમ ચુકવીને તેમની સાથે વેચાણના વ્યવહારો પુરો કરશે અને ત્યારબાદ આ અંગે કોઈની કોઈ પણ પ્રકારની તકરાર કે હકક દાવો ચાલશે નહિ તે તમામ હકકો છોડી દીધેલા ગણી યાને કોઈનો કોઈપણ જાતનો હકક-હિસ્સો નથી યાને જતો કરેલ છે, તેમ સમજી હમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની લાગતા-વળગતા તમામે યાને જાહેર જનતાએ નોધ લેવી.

તા. ૦૧/૧૦/૨૦૨૬

પરેશ એમ. દિયોરા **નીતા પી. દિયોરા**
મો. ૯૮૭૯૦૧૧૭૧૨ મો. ૯૯૦૯૦૩૦૩૦૪
ખરીદનારના એડવોકેટ્સ
ઓફિસ : ૪૦૩/એ ચોથા માળ, ઉત્સવ કોમ્પલેક્ષ, ચોપાટીની સામે, નાના વરાછા, સુરત.

ટાઈટલ કલીયર તેમજ વેચાણ અંગેની જાહેર નોટીસ

જી.સુરત,તાલુકો.અરેઠ,ના મોજેગામ.તડકેશ્વર,ની ખેતીની જમીન.

ક્રમ	બ્લોક નં.	ક્ષેત્રફળ	સતા પ્રકાર	હાલના ખાતેદારના નામ
૧	૬૯૭	૨-૪૮-૮૮	જુની શરત	કાસમ મુસા રાજા,
૨	૭૦૨	૧-૧૬-૩૬	જુની શરત	મોહમદ હનીફ કાસીમ મુસા,
૩	૭૭૩	૨-૦૦-૩૨	જુની શરત	મહમદ ફારૂક કાસમ રાજા,
૪	૭૭૪	૦-૯૬-૧૧	જુની શરત	

ઉપરોકત ખેતીની જમીનોના કબજેદારા-માલીકો તરીકે ચાલી આવેલ હોવાનુ તથા બોજા રહીત ટાઈટલ કલીયર કરી-કરાવીને લેનારાને વેચાણ કરવા માંગતા હોય,જેથી કોઈપણ વ્યકિત,સંસ્થા કે ઈસમોના કબજા-સોદાચિઠ્ઠી,બાના કરારો કે વારસાઈ હકક-હીસ્સો,દર-દાવો,ગાડા-ટેંકટર રસ્તાના કે ઈઝમેન્ટ-લાગુ સફીલદારોના હકક-હીત કે બોજાનો સંપાદનનો કે અન્ય તરહનો કોઈપણ કરાર- લખાણો હોય તો તેમણે નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન-(૭)માં અમારી ઓફીસે લેખિતમાં પ્રમાણિત પુરાવા સાથે વાંધા રજુ કરવા,જો તેવા કોઈ પુરાવાઓ કે વાંધાઓ નિયત સમય મર્યાદામાં નહી મળે તો,મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારના કબજા-સોદા બાના-વારસાઈ હકક-રસ્તા,પાક-ઉપજ-નિપજ કે ઈઝમેન્ટ, દાવાઓ કે વાંધાઓ ચાલશે નહી અને વાંધો કે હરકત કે હકક હોય,તો જતો યાને વેવ કરેલાનુ માનવામાં આવશે.હમારા અસીલશ્રી વેચાણ-વ્યવહારો કરીને તબદિલી પુર્ણ કરી, રજી.લેખ જમીન માલીક તરીકે કરી આપશે.અને તેના સંપુર્ણ સ્વંતંત્ર માલીક-પ્રત્યક્ષ કબજેદારમાંથી છુટા થશે.જેની લાગુ પડતા ઈસમોએ ખાસ નોંધ લેવી. (તા.૩૦-૯-૨૦૨૬).

અમારી મારફત
NAVADIYA ASSOCIATE'S ADVOCATES
નરેશ નાવડીયા (એડવોકેટ)
ભાવેશ નાવડીયા (એડવોકેટ)
મુકેશ નાવડીયા (રેવન્યુ એકસપર્ટ)
ઓફીસ : ૪૧૪+૪૧૫, ત્રીજોમાળ, શ્રેયસ ડાયમંડ સેન્ટર, ગીતા બેકરીની ઉપર, એમ.ડી.ટાવર સામે, વરાછા મેઈન રોડ, સુરત. મો.નં. ૯૮૯૮૯ ૬૦૪૮૪

જાહેર ચેતવણી

સુરત ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ તાલુકો-મજુરાના મોજે-ગભેણીના બ્લોક નં.૨૦૫, ખાતા નં: ૨૧૬, વાળી જૂની શરતની ખેતીની જમીન જેનુ જરાયત ક્ષેત્રફળ ૧-૨૧-૧૯ હે.આરે.ચો.મી તથા પો.ખ મારગની જમીનનુ ક્ષેત્રફળ હે.આરે૦.૦૧.૧૯ ચો.મી મળી કુલ્લે ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૧-૨૨-૩૮, આકાર રૂ.૨.૩૧ પૈસાવાળી જુની શરતની છે ૭૩ એએ જમીન જે હાલ એન.એ થતા સિટી સર્વે દફતરે નોધાયેલ સિટી સરવે નં. NA 205 વાળી જમીનના મુળ માલીક **(૧) સુખીબેન તે નગીનભાઈ રાઠોડ (૨) સંગીતાબેન તે નગીનભાઈ રાઠોડ ની પુત્રી અને સુરેશભાઈ નાનજીભાઈ ભલાણીની પત્ની (૩) વિશાલભાઈ ગિરઘરભાઈ રાઠોડ (૪) તારાબેન ગિરઘરભાઈ રાઠોડ** વિગેરેનાની ચાલી આવેલ અને તેમણે તેમના કાયદેસરના નીકળતા વણવહેંચાયેલા ૧/૪ હકક હિસ્સાની યાને ૩૦૫૯.૫૦ ચો.મી વાળી જમીન વેચાણ અગેની પરવાનગી તથા સગીરના હિસ્સાની જમીન વેચાણ અંગેની પરવાનગી માટેની તમામ કાર્યવાહી કરી સદર જમીન નાં સમ્પૂર્ણ ટાઈટલ કરી સહ માલિકોની સહી સંમતિ કબુલાત મેળવી સદરહું જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરી આપવાની શરતે હમોનાં અસીલનાં પિતા કનેથી મોટો વેચાણ અવેજ સ્વીકારીને અમારા અસીલનાં પિતા ભુલાભાઈ ભવનભાઈ હળપતિને વેચાણ કરવા માટે રાજીખુશી સંમતિ દર્શાવેલ અને તે અંગેનો સાટાખત યાને વેચાણ કરાર એડવોકેટ એન્ડ નોટરી શ્રી અતુલ.એચ પટેલના નોટરી રજીસ્ટરમાં તા : ૨૪-૦૨-૨૦૨૧ નારોજ અનુક્રમ નં:- ૨૫૮/૨૦૨૧ થી નોધણી કરવામાં આવેલ ત્યારથી સદરહુ જમીન ખરીદવાના અમારા અસીલ પિતાનાં કાયદેસરના હક્કો ઉપસ્થિત થયેલ અને હાલમાં પણ અમલ છે, આમ સદરહું જમીનોમાં હમોનાં અસીલ પિતાનું કાયદેસરનું હિત સંકળાયેલ છે અને ત્યારબાદ અમારા અસીલના પિતા ભુલાભાઈ ભવનભાઈ હળપતિના તા : ૦૧-૦૫-૨૦૨૨ રોજ અવસાન થયેલ અને અમારા અસીલના પિતાએ સદર જમીનના માલિક સાથે કરેલ જમીનનાં વેચાણ અંગેના સાટાખતની જાણ થતા અમારા અસીલે જમીન માલિકને સદર જમીન બાબતે અમારા અસીલના પિતા સાથે કરેલ સાટાખત મુજબ જમીન ની પરવાનગી લઈ દસ્તાવેજ કરી આપવા માટે જણાવેલ ત્યારે સદર જમીન માલિકે અમારા અસીલને એકદમ ઉડાવ જવાબ આપેલ અને અમોને સદર જમીન બિન ખેતી કરાવી વેચાણ કરેલા નું જણાવેલ જેથી અમારા અસીલે સદર જમીનનાં રેવન્યુ રેકર્ડની તપાસ કરતા અમારા અસીલને માલુંમ પડેલ કે સદર જમીન માલિકોએ સદર જમીન ખોટી અને ગેરકાયદેસરની માહિતીઓ આપી અને હકીકતલક્ષી માહિતી છુપાવી સદર જમીનનું વેચાણ ગોપાળ ખીમજીભાઈ ભાડિયાદરાને કરી દીધેલ હોય તેમ કરી હમોનાં અસીલ સાથે વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરેલ છે, જેથી હમારા અસીલે જાહેરાત, મનાઈ હુકમ સાટાખતનાં વિશેષ અમલ માટે સીવીલ કોર્ટ દાવો પણ કરનાર છે તેમજ હમોના અસીલ તેઓ તમામ વિરુધ્ધ ફોજદારી તથા અન્ય તમામ કાયદાકીય તમામ કાયદેસરના પગલાં ભરનાર છે આથી, સદરહું જમીન બાબતે કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે મંડળીએ હમોનાં અસીલની સહી, સંમતિ વગર કોઈપણ પ્રકારના વેચાણ વ્યવહાર કે લખાણો કરવા કરાવવા નહી. તેમ છતાં જો કોઈપણ વેચાણ વ્યવહાર કે લખાણો કરશે તો તે હમોનાં અસીલને બંધનકર્તા રહેશે નહી અને તેઓને તકરાર સિવાય કાંઈપણ પ્રાપ્ત થશે નહી. જેની લાગતા વળગતાઓએ ગંભીર નોંધ લેવી.

મારી મારફત **અજેન એ પટેલ**
તે મર્હુમ ભુલાભાઈ ભવનભાઈ હળપતિના વારસદારોના એડવોકેટ
સરનામુ 304, 3rd floor, Millionaire Business park Above MacDonald Restaurant, Opp. TGB circle, L.P.Savani School Road, Adajan, Surat. MO. 9537117359

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ **નવસારી** ના સબ ડિસ્ટ્રીકટ **જલાલપોર** ના મોજે ગામ **મરોલી** ના નીચે શિડયુલ/પરિશિષ્ટમાં વિગતે વર્ણવેલ ખેતીની જુની શરતની આખી જમીન/મીલકતો તથા તેમાં આવવા-જવાના તેમજ તેને લાગુ એવા અંદરના તથા બહારના તમામ પ્રકારના હકક-હિત હિસ્સા સહિતની જમીન/મીલકતો **(૧) મેહુલભાઈ સુરેન્દ્રભાઈ, (૨) જયોત્સનાબેન અતુલભાઈ દેસાઈ, (૩) હેતલબેન અતુલકુમાર દેસાઈ તે યતીનભાઈ નાયકના પત્ની તથા (૪) પ્રશાંત અતુલકુમાર દેસાઈ** નાઓ તેમની સહિયારી માલીકી, કબજા ભોગવટા હેઠળની બોજા રહિત, ચોખ્ખા ટાઈટલ વાળી હોવાનું જણાવી અમારા અસીલ સાથે વેચાણ વ્યવહાર કરવા માંગે છે અને અમારા અસીલ તેમને કિંમતી અવેજ ચુકવી પાકા લખાણો કરાવી લેવા માંગે છે. સબબ, **અમારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું** કે, જે કોઈના મજકુર જમીન પર સીધા / આડકતરા કાંઈપણ હકક, હિત, સંબંધ, દર-દાવા, કલેઈમ હોય કે સુચિત વ્યવહાર સામે કોઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭ (સાત)** ની મુદ્દતમાં પુરાવા સહિત વકીલશ્રીની ઓફીસના સ્થળે લેખિત જાણ કરવી. મુદત દરમ્યાન કોઈ કલેઈમ કે વાંધા મળે નહી તો મુદત વિત્યે તેવા કોઈના કલેઈમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી અમારા અસીલ દસ્તાવેજ સહીતના તમામ વ્યવહાર સંપુર્ણ કરશે પછી કોઈપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહી અને ત્યારબાદ જો કોઈપણ ઈસમ, સંસ્થા કે મંડળી દ્વારા કોઈપણ પ્રકારના ખોટા દાવા-દુવી, ખોટી તર-તકરારો કે ખોટા વાંધા-વિરોધો ઉભા કરવામાં / કરાવવામાં આવશે તો તે તમામને કોર્ટ લીટીગેશનો તેમજ દાવા-દુવી સિવાય મીલકતમાં કોઈપણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો પ્રાપ્ત થશે નહિ. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

જમીનોની વિગત
-:: શિડયુલ / પરિશિષ્ટ ::-

ક્રમ નં.	નવો બ્લોક નંબર	જુનો બ્લોક નંબર	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)	આકાર રૂા. પૈસા	ખાતા નંબર
૧	૨૫૯	૨૨૨	૦-૬૮-૫૩	૧૦.૬૦	૧૧૯
૨	૩૭૨	૭૩૩	૦-૬૨-૫૬	૩.૯૫	૧૧૯

અમારી મારફત
મેહુલ એસ. લખાણી
હિરેન એચ. સતાણી
તે ખરીદનારના એડ્વોકેટ્સ

સ્થળ : સુરત તા. ૦૨/૧૦/૨૦૨૬
RISE UP ASSOCIATES®
૩૩૧-૩૩૨, ત્રીજો માળ, લક્ષ્મી એંકલેવ-૧, ગજેરા સ્કુલની સામે, કતારગામ, સુરત.
મો. ૮૮૬૬૬ ૦૧૪૧૫ - ૯૮૦૯૮ ૮૮૦૫૫

મોજે ગામ : ઉન ના સર્વે નંબર : ૧૭/૩, ટી.પી. સ્કીમ નંબર : ૫૯ (ઉન) અનુકુલ નગર પ્લોટ નંબર : ૧૩, ૧૪ અને ૩૦, ૩૧
વેચાણ અંગેની જાહેર નોટીસ

જત આ જાહેર નોટીસ આપી લાગતા વળગતા સર્વે કોઈની જાણ ખાતર આ જાહરે નોટીસ આપી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટીના મોજે ગામ : ઉન ના રેવન્યુ સર્વે નંબર : ૧૭/૩ જેને ટીપી સ્કીમ લાગુ પડતા ટી.પી સ્કીમ નંબર : ૫૯(ઉન) ના ફાયનલ પ્લોટ નંબર : ૨૧ થી નોંધાયેલ જમીન ઉપર આયોજીત કરવામાં આવેલ "અનુકુલ નગર" નામની સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૧૨, ૧૩, ૧૪, ૨૯, ૩૦, ૩૧ અન્વયે ઓળખાતા પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૧૨ થી ૧૪ દરેક પ્લોટ સુમારે પહોળાઈ ૧૪' ફુટ × ૨૦' ફુટ લંબાઈના હોય ત્રણેય પ્લોટો મળી કુલ ૪૨' ફુટ × ૨૦' ફુટ પહોળાઈ અને લંબાઈ તેવીજ રીતે પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૨૯ થી ૩૧ દરેક પ્લોટ સુમારે પહોળાઈ ૧૪' ફુટ × ૪૦' ફુટ લંબાઈના હોય ત્રણેય પ્લોટો મળી કુલ ૪૨' ફુટ × ૪૦' ફુટ માપ વિસ્તારના ચાલી આવેલા છે. જે હકીકતે તમામ છ (૬) પ્લોટોનો કુલ માપ વિસ્તાર ક્ષેત્રફળ સુમારે ૨૫૨૦.૦૦ સમ ચોરસ ફુટ એટલે કે ૨૮૦.૦૦ સમ ચોરસ વાર એટલે કે સુમારે : ૨૩૪.૩૬ સમ ચોરસ મીટર માપ વિસ્તારના પ્લોટોના માલીક મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર અને ભોગવટેદાર તરીકે (૧) મોહમંદ ફૈઝ મોહમંદ ફૈયાઝ શેખ અને (૨) મોહમંદ આસીફ મોહમંદ ખાલીદ શેખ ચાલી આવેલ હોવાની હકીકતો જણાવીને પ્લોટના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવીને સદર પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૧૩ અને પ્લોટ નંબર : ૩૦ ની કુલ પહોળાઈ ૧૪' ફુટ માંથી માત્ર ૫' ફુટ પહોળાઈ અને બંન્ને પ્લોટ મળી કુલ : ૬૦' ફુટ લંબાઈ તેમજ પ્લોટ નંબર : ૧૪ અને પ્લોટ નંબર : ૩૧ દરેકની પહોળાઈ ૧૪' ફુટ અને લંબાઈ બંન્ને પ્લોટ મળીને કુલ : ૬૦' ફુટ માપ વિસ્તાર વાળી પ્લોટ નંબર : ૧૩ અને ૧૪ તેમજ પ્લોટ નંબર : ૩૦ અને ૩૧ ઉપર ઉપરોકત જણાવેલી હકીકતે ચારેય પ્લોટો ઉપર સંયુકત રીતે હાલમાં ક્ષેત્રફળ સુમારે : ૧૯' ફુટ પહોળાઈ અને ૬૦' ફુટ લંબાઈની એટલેકે સુમારે : ૧૧૪૦ સમ ચોરસ ફુટ એટલે કે : ૧૨૬.૬૬૭ સમ ચોરસ વાર એટલે કે સુમારે : ૧૦૫.૯૦૯ સમ ચોરસ મીટર માપ વિસ્તારમાં સ્થળ ઉપર હાલમાં જે લોખંડના પતરા ના પાર્ટીશનની દિવાલના બાંધકામ વાળી સ્થળ ઉપર જે સ્થિતિમાં મિલકત ચાલી આવેલી છે તેવી સ્થળ સ્થિતિમાં પ્લોટ નંબર : ૧૩, ૧૪ અને ૩૦, ૩૧ વાળી મિલકત /પ્લોટ હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદરહું બાબતે કોઈપણ વ્યકિતને પ્લોટ/ મિલકત માહેના કોઈપણ પ્રકારના હકક, હીત, હીસ્સો, અધિકાર, દર-દાવો, લાગ-ભાગ, ઈલાખો, લીસ પેન્ડન્સી, ચાર્જ, લીયન, બોજો કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ ના અધિકારો હોવાની કે અન્ય કોઈ હકક, સોદાચીટ્ઠી, સાટાખત/ બાનાખત, વારસાઈ હકકૃકે કોઈપણ પ્રકારના પરોક્ષ કબજા હકક અધિકાર, ભરણ પોષણના અધિકાર, કે જમીન માહેથી આવવા જવાના કે રોડ-રસ્તાના કે પડોશ હકક મુજબના ઈઝમેન્ટરી રાઈટ હોય, કે અન્ય હરકોઈ પ્રકારના હકક, અધિકાર હોય તો સદર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તે અંગેના પુરાવા સહિત નીચે જણાવેલા સરનામે રૂબરૂમાં જાણ કરવી. તેમ કરવામાં કસુર થયેથી તેમજ મુદ્દત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સા, અધિકાર, લાગભાગ કે દર દાવો નથી તેમજ જો હોય, તો તેઓએ તેવા હકકો, અધિકાર, દર-દાવા જતા કરેલા યાને છોડી દિધા છે એટલે કે વેઈવ કરેલા છે તેવું સમજીને હમારા અસીલ પ્લોટ/ મિલકત વેચાણ રાખવા અંગેના કાયદેસરના વ્યવહાર પુર્ણ કરી પાકા લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિત, સંસ્થાની કોઈ તર-તકરાર કે વાંધા ગ્રાહય રહેશે નહી. જેની લાગતા વળગતા તમામ તેમજ જાહેર જનતા ગંભીર નોંધ લેશો. સુરત તારીખ : ૦૨/૧૦/૨૦૨૬

ઠે.૧/૧૪૯૫, ૨૦૨-લો-એવેન્યુ, ગોધા સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો.નં. ૯૮૨૫૧ ૯૮૭૮૭

અમિત પી. નાગર
એડવોકેટ એન્ડ નોટરી